તમારી આસપાસ બનતી ઘટનાઓ, અપરાધ, ભ્રષ્ટાચાર, દુષ્કર્મ અને અન્યાયની અમને જાણ કરો તેમજ સમાચાર, ઈવેન્ટ અને જાહેરાત માટે સંપર્ક કરો.
(*માહિતી આપનારનું નામ ગુપ્ત રાખવામાં આવશે)

પ્રજાનો આત્મવિશ્વાસ ધરાવતું 'ગુજરાત પહેરેદાર' ન્યૂઝ માટે સમગ્ર ગુજરાતમાં શહેર, તાલુકા અને જિલ્લા સ્તરે પત્રકાર તેમજ બ્યુરો ચીફ તરીકે કારકિર્દી બનાવવા માટે સંપર્ક કરો

+91 9925368282, +91 9824368282,
E-mail: gujaratpaheredar@gmail.com
Website: www.gujaratpaheredar.com

પ્રજાનો આત્મવિશ્વાસ...

RNI NO. GUJGUJ/2022/81940

# ગુજરાત પહેરેદાર

GUJARAT PAHEREDAR WEEKLY

પંચમહાલ, વડોદરા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર સાપ્તાહિક

9925368282 / 9824368282 Email: gujaratpaheredar@gmail.com www.gujaratpaheredar.com

■ YEAR : 02 ■ ISSUE NO. 12 ■ DATE : 20/06/2023, Tuesday ■ Editor : DAXA PARKASH YADAV, Sub Editor: PRAKASH YADAV (PATIL) Mo.No.: 992536 8282 / 9824368282 ■ PAGE 04 ■ PRICE : 2.00 ■ Annual Sub: 150/-
■ Regd. Office : 67, SUNDRANI BHAVAN, SHANTI PRAKASH HOUSING SOCIETY, VAVDI BHUJARG, GODHRA, PANCHMACHAL, GUJARAT-389001-INDIA ■ E-mail : gujaratpaheredar@gmail.com

● તંત્રી : દક્ષા પ્રકાશ યાદવ ● સહતંત્રી: પ્રકાશ યાદવ (પાટીલ) ● વર્ષ - ૦૨ ● અંક નં. ૧૨ ● તારીખ : ૨૦/૦૬/૨૦૨૩, મંગળવાર ● મો. ૯૯૨૫૩૬૮૨૮૨ / ૯૮૨૪૩૬૮૨૮૨ ● કિંમત : ૨.૦૦ ● પાના -૪ ● વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦/-
● રજી. ઓફિસ : ૬૭, સુંદરાની ભવન, શાંતિ પ્રકાશ હાઉસીંગ સોસાયટી, વાવડી ભુજર્ગ, ગોધરા, પંચમહાલ, ગુજરાત-૩૮૯૦૦૧, ઇન્ડિયા ● E-mail : gujaratpaheredar@gmail.com

## મોદીની ઐતિહાસિક US યાત્રા શરૂ : 72 કલાકમાં 10 કાર્યક્રમો

### ન્યૂયોર્કમાં યોગ કરશે, બાઈડન સાથે ડિનર કરશે; વ્હાઈટ હાઉસમાં ભવ્ય તૈયારી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારે સવારે તેમના 3 દિવસના યુએસ પ્રવાસ માટે રવાના થઈ ગયા છે. આ તેમની પ્રથમ સ્ટેટ વિઝિટ છે. અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડને તેમને સ્ટેટ વિઝિટ માટે આમંત્રણ આપ્યું છે. તેઓ અત્યાર સુધીના બીજા ભારતીય વડાપ્રધાન અને ત્રીજા મોટા નેતા છે, જેમને અમેરિકા દ્વારા આ મુલાકાત માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.

અગાઉ 1963માં રાષ્ટ્રપતિ સર્વપલ્લી રાધાકૃષ્ણન અને 2009માં મનમોહન સિંહ રાજ્યની મુલાકાતે અમેરિકા ગયા હતા. આ જ કારણ છે કે PM મોદીની અગાઉની 7 યુએસ મુલાકાતોની સરખામણીમાં આ મુલાકાત ઘણી ખાસ છે. આ દરમિયાન તેઓ 72 કલાકમાં 10 કાર્યક્રમોમાં ભાગ લેશે અને ન્યૂયોર્કમાં યોગ પણ કરશે.

અમેરિકા જતા પહેલાં પીએમ મોદીએ ટ્વીટ કર્યું હતું કે ભારત-અમેરિકા વચ્ચે ગાઢ સંબંધો છે અને દરેક ક્ષેત્રમાં અમારી ભાગીદારી સતત વધી રહી છે. અમેરિકા માલ અને સેવાઓમાં અમારું સૌથી મોટું ટ્રેડ પાર્ટનર છે. આ સિવાય અમે વિજ્ઞાન, ટેક્નોલોજી, સ્વાસ્થ્ય અને સંરક્ષણ ક્ષેત્રે પણ ભાગીદાર છીએ. બંને દેશો ઈન્ડો-પેસિફિકને મુક્ત અને ખુલ્લા બનાવવાની દિશામાં પણ સાથે મળીને કામ કરી રહ્યા છે.

મોદીએ કહ્યું- રાષ્ટ્રપતિ બાઈડન અને અન્ય યુએસ નેતાઓ સાથે મારી વાતચીત બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને વધુ આગળ લઈ જશે. મને વિશ્વાસ છે કે મારી યુએસ મુલાકાત લોકશાહી, વિવિધતા અને સ્વતંત્રતાનાં મૂલ્યો પર આધારિત અમારા સંબંધોને વધુ મજબૂત બનાવશે. વૈશ્વિક પડકારોનો સામનો કરવા માટે અમે એકસાથે મજબૂત રીતે ઊભા છીએ.

પીએમ મોદીની સાથે મંત્રીઓની એક ટીમ અને ટ્રેડ ડેલિગેશન પણ અમેરિકા ગયાં છે. આ ડેલિગેશનમાં આઈટી, સંરક્ષણ, ઉડ્ડયન અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવાં વિવિધ ક્ષેત્રોના લોકો છે.

જ્યારે મંત્રીઓની ટીમમાં વિદેશ મંત્રી એસ જયશંકર અને રાષ્ટ્રીય



સુરક્ષા સલાહકાર અજિત ડોભાલની હાજરી નિશ્ચિત માનવામાં આવી રહી છે. આ પ્રવાસમાં ભારત અને અમેરિકા વચ્ચે સંરક્ષણ, ટેક્નોલોજી, વ્યૂહાત્મક અને બિઝનેસ ડીલ થશે. પીએમ મોદી 20 અમેરિકન કંપનીઓના સીઈઓને પણ મળશે.

PM મોદીની આ મુલાકાત કેટલી મહત્ત્વની છે, તેનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે PM રવાના થયાના 15 દિવસની અંદર અમેરિકાના 2 મોટા નેતાઓ ભારત આવ્યા છે.

જ્યારે અમેરિકાના રક્ષામંત્રી લોયડ ઓસ્ટિન રાજનાથ સિંહને મળ્યા હતા. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલિવન ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ અને વિદેશ મંત્રી એસ જયશંકરને મળ્યા હતા. અમેરિકાના સંરક્ષણ પ્રધાને કહ્યું હતું કે બંને દેશો વચ્ચે ઘણા મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર ડીલ થઈ છે. પીએમ મોદીના યુએસ પ્રવાસ દરમિયાન આની જાહેરાત કરવામાં આવશે.

નાણાકીય વર્ષ 2022-2023માં ભારત અને અમેરિકા વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર 128 બિલિયન ડોલરને પાર થઈ ગયો છે. એટલે કે આ સમયમાં ભારત અને અમેરિકાએ 10 લાખ કરોડ રૂપિયાથી વધુનો બિઝનેસ કર્યો.

અમેરિકા એવા કેટલાક દેશોમાંથી એક છે જેની સાથે ભારતનો વેપાર સરપ્લસ છે. એટલે કે ભારત અમેરિકાને વધુ માલ વેચે છે અને ત્યાંથી ઓછો માલ ખરીદે છે. 2021-22માં ભારતનો યુએસ સાથે 32.8 અબજ ડોલરનો વેપાર સરપ્લસ હતો. ભારત આ વેપાર સરપ્લસ જાળવી રાખવા માંગે છે. આ સંદર્ભમાં પીએમની મુલાકાત મહત્ત્વની છે.

ડિપ્લોમેટિક અને સ્ટ્રેટેજિક રીતે પણ આ મુલાકાત ખૂબ જ ખાસ છે. ખરેખરમાં ચીનના મુદ્દે ભારત અને અમેરિકાની ચિંતા લગભગ સરખી જ છે. જ્યારે ભારત LAC અને હિંદ મહાસાગરમાં ચીનની દખલગીરીનો વિરોધ કરે છે.

સાથે જ અમેરિકા તાઈવાન અને દક્ષિણ ચીન સાગરમાં ચીનની ઘૂસણખોરીના પ્રયાસોનો પણ વિરોધ કરે છે. આવી સ્થિતિમાં ચીન સાથે વ્યવહાર કરવા માટે બંને દેશોને એકબીજાની જરૂર છે. આ સિવાય પીએમની આ મુલાકાત પર ભારતને વિશ્વના સૌથી અદ્યતન MQ-9 ડ્રોન અને ફાઈટર જેટ એન્જિન બનાવવા માટે અમેરિકા પાસેથી 11 ટેક્નોલોજી મળવાની શક્યતા છે.

પીએમ મોદી આ પહેલાં 6 વખત અમેરિકાના રાષ્ટ્રપતિ બાઈડનને મળી ચૂક્યા છે. તેમની પ્રથમ મુલાકાત સપ્ટેમ્બર 2021માં અમેરિકામાં થઈ હતી. ત્યારબાદ બંને નેતાઓએ વ્હાઈટ હાઉસમાં લગભગ 90 મિનિટ સુધી વાતચીત કરી.

આ પછી મોદી અને બાઈડન ઓક્ટોબરમાં ઈટાલીમાં જી-20 સમિટ દરમિયાન મળ્યા હતા. બંને નેતાઓની આગામી બેઠક મે 2022માં QUAD સમિટ દરમિયાન થઈ હતી.

ત્યારબાદ બંનેની મુલાકાત જર્મનીમાં જૂન 2022માં G-7 સમિટ દરમિયાન થઈ હતી. આ પછી મોદી-બાઈડન નવેમ્બર 2022માં ઈન્ડોનેશિયાના બાલીમાં જી-20 સમિટ દરમિયાન મળ્યા હતા. બંને નેતાઓની છેલ્લી મુલાકાત મે 2023માં G7 દેશોની સમિટ દરમિયાન થઈ હતી. અહીં બાઈડને પીએમ મોદીનો ઓટોગ્રાફ માંગ્યો

## ગુજરાત પહેરેદાર NEWS બ્રેકિંગ ન્યુઝ

Email: gujaratpaheredar@gmail.com

- ગુજરાત સહિત દેશભરમાં આજે નીકળશે ભગવાન જગન્નાથની 146 મી રથયાત્રાઃ ગુજરાતના દરેક શહેરોમાં ગુંજી ઉઠશે જય રણછોડ ના નારા.
- ભગવાન જગન્નાથની 146 મી રથયાત્રાઃ પ્રસાદ મોકલવાની પરંપરા PM મોદીએ યથાવત રાખી, ડ્રાયફ્રુટ, કેરી, જાંબુ, મંગ, કાકળી અને ફ્રુટનો પ્રસાદ મોકલ્યો.
- આંતરરાષ્ટ્રીય યોગ દિવસ માટે ગુજરાતીઓનો થનગનાટઃ CMના સાનિધ્યમાં સુરતમાં રચાશે નવો વર્લ્ડ રેકોર્ડ.
- બિપોરજોય વાવાઝોડામાં બાગાયતી પાક પર પાણી ફરી વળ્યુંઃ 53 હજાર હેક્ટરમાં બાગાયતી પાકને નુકસાનનો અંદાજ.
- વલસાડના સંજાણમાં 70 કરોડના ખર્ચે નવ નિર્મિત ફ્લાય ઓવર બ્રિજમાં ઉદ્ઘાટન પહેલા જ બ્રિજમાં ગાબડા.
- વરસાદને લઈ અંબાલાલ પટેલની આગાહીઃ ગુજરાતમાં 27થી 30 જૂન અને જુલાઈની શરૂઆતમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં થશે ભારેથી અતિભારે વરસાદ.
- ગુજરાત કોંગ્રેસના 34માં પ્રમુખ પદે શક્તિસિંહ ગોહિલઃ શાસ્ત્રોક્ત વિધિવિધાન સાથે સંભાળ્યો પદભાર.
- વાવાઝોડાના કારણે સૌરાષ્ટ્ર-કચ્છમાં 1 હજારથી વધુ મકાનોમાં સોલાર પેનલને મોટુ નુકસાન.
- નેપાળના સિનેમાઘરોમાં નહીં ચાલે હિંદી ફિલ્મોઃ કાઠમંડુના મેયરે મૂક્યો પ્રતિબંધ.
- કચ્છના ગ્રામ્ય વિસ્તારોમાં વીજ પુરવઠો ઠપ્પઃ હજુ 10 દિવસ લાઈટ ન આવવાની શક્યતા.

## કેન્દ્રિય ગૃહમંત્રીએ માંડવી સબ ડ્રિસ્ટીક્ટ હોસ્પિટલ ખાતે પહોંચી નવજાત શિશુ, પ્રસૂતા, સગર્ભા માતાઓના ખબર અંતર પૂછ્યા

કેન્દ્રિય ગૃહમંત્રી અમિત ભાઈ શાહ બિપરજોય વાવાઝોડા બાદ કચ્છમાં ઊભી થયેલી સમીક્ષા માટે કચ્છ પહોંચ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ કેન્દ્રિય ગૃહમંત્રી સાથે ઉપસ્થિત રહીને વર્તમાન સ્થિતિનો ખ્યાલ મેળવ્યો હતો. કેન્દ્રિય ગૃહમંત્રીએ કાઠડાના આર્ય ફાર્મની મુલાકાત લઈને ખેડૂતો પાસેથી પાક નુકસાન વિશે વિગતવાર જાણકારી મેળવી હતી.



ન્યૂઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

કેન્દ્રિય ગૃહમંત્રી અમિતભાઈ શાહ બિપરજોય વાવાઝોડા બાદ કચ્છ માં સર્જાયેલી પરિસ્થિતિની સમીક્ષા માટે આજરોજ કચ્છ જિલ્લાની મુલાકાતે પહોંચ્યા હતા. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પણ તેમની સાથે જોડાયા હતા. કેન્દ્રિય ગૃહમંત્રી અમિતભાઈ શાહે સબ ડ્રિસ્ટીક્ટ હોસ્પિટલની મુલાકાત પણ લીધી હતી.

વાવાઝોડા પૂર્વે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અગમચેતી ના ભાગરૂપે સર્ગભા મહિલાઓને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. કેન્દ્રિય ગૃહમંત્રી અમિતભાઈ શાહે આ તમામ માતાઓ કે જેમની ડિલિવરી વાવાઝોડા દરમિયાન થઈ હતી તેમની સાથે વાતચીત કરી તેમના ખબર અંતર પૂછ્યા હતા. આ ઉપરાંત, તમામ સગર્ભા માતાઓના તેમજ નવજાત શિશુઓના ખબર અંતર પૂછીને હોસ્પિટલ દ્વારા આપવામાં આવતી આરોગ્ય સુવિધાઓ વિશે જાણકારી મેળવી હતી.

ગૃહમંત્રી અમિતભાઈ શાહે માંડવી નલીયા રોડ પર આવેલા કાઠડા ખાતેના આર્ય ફાર્મની મુલાકાત લીધી હતી. ત્યાં સ્થાનિક ખેડૂતો, કિસાન સંઘના આગેવાનો, ગામજનોને સાથે સંવાદ કરીને પાક નુકસાની વિગતો મેળવી હતી. દાડમ અને ખારેકના પાકને નુકસાન થયું છે તે અંગે ખેડૂતોઓએ ગૃહમંત્રીને માહિતી આપી હતી. આ દરમિયાન રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલે પણ ઉપસ્થિત રહીને કેન્દ્રિય ગૃહમંત્રી અમિતભાઈ શાહને વાવાઝોડા બાદ કચ્છની પરિસ્થિતિ વિશે જાણકારી આપી હતી.

## ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની કેનેડામાં ગોળી મારીને હત્યા

**ગુજરાત પહેરેદાર**

ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની કેનેડામાં ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી છે. તેને ભારત સરકાર દ્વારા ડેઝિગ્નેટેડ આતંકવાદી જાહેર કરવામાં આવ્યો હતો અને ભારતના વોન્ટેડ લિસ્ટમાં સામેલ હતો.

તાજેતરમાં જ ભારત સરકારે 41 આતંકવાદીઓની યાદી જાહેર કરી હતી, જેમાં હરદીપ નિજ્જરનું નામ પણ સામેલ હતું.

## મોદી સરનેમ કેસ મામલામાં રાહુલ ગાંધીની ધરપકડના ભણકારા

**ગુજરાત પહેરેદાર**

ગુજરાત પહેરેદારઃ નવી દિલ્હી, મોદી સરનેમ ધરાવતા લોકો અંગે રાહુલ ગાંધી દ્વારા જાહેરમાં અપમાનજનક ટિપ્પણી કરવાના કેસમાં હવે તેમની ધરપકડ થાય તેવા ભણકારા વાગી રહ્યા છે. રાંચીની કોર્ટે અત્યાર સુધી વારંવાર સમન્સ આપવા છતાં રાહુલ ગાંધી કોર્ટમાં હાજર ન થતાં કોર્ટે છેલ્લું સમન્સ આપીને રાહુલ ગાંધીને હવે ૪ જુલાઈએ રૂબરૂ હાજર થવાનો આદેશ આપ્યો છે.

## થાઈલેન્ડમાં ભૂકંપ, હલી ગયું બેંગકોક

**ગુજરાત પહેરેદાર**

વિશ્વના ઘણા ભાગો ભૂકંપથી ધ્રૂજી રહ્યા છે. બે દિવસ પહેલા ભારતના પહાડી વિસ્તારોમાં ધરતી ઘણી વખત ધ્રૂજી હતી. આ પછી મોડી રાત્રે મેક્સિકોના ઘણા ભાગોમાં ભૂકંપ આવ્યો હતો. હવે સોમવારે આવેલા ભૂકંપને કારણે દક્ષિણ પૂર્વ એશિયાઈ દેશ થાઈલેન્ડની જમીન પણ ધ્રુજી ઉઠી છે.

## પીએમના પેટથી પીએમ, સીએમના પેટથી સીએમ કે મંત્રીના પેટથી મંત્રી પેદા નથી થતા - ગડકરીએ આવું કેમ કહ્યું?

નાગપુરમાં ભારતીય જનતા પાર્ટીના સ્નેહ સંમેલનમાં કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીએ વિચિત્ર નિવેદન આપ્યું છે. ગડકરીએ કહ્યું કે ભારતીય જનતા પાર્ટી કાર્યકરોની પાર્ટી છે, પિતા-પુત્રની પાર્ટી નથી. આ સાથે જ વિપક્ષને ટોણો મારતા તેમણે ઉપદેશક સ્વરમાં કહ્યું કે, પતિએ પત્નીની ટિકિટ ન માંગવી જોઈએ. ભારતીય જનતા પાર્ટીમાં પીએમના પેટથી પીએમ, સીએમના પેટથી સીએમ કે મંત્રીના પેટથી મંત્રી પેદા નથી થતા.



ન્યૂઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

**ગડકરીએ કહ્યું- મને ભાજપનો ભાગ હોવાનો ગર્વ છે**

ગડકરીએ કહ્યું કે ભારતીય જનતા પાર્ટી પિતા-પુત્રની પાર્ટી નથી, તેમને ગર્વ છે કે તેઓ આ પાર્ટીના સભ્ય છે. તેમણે જણાવ્યું કે તેઓ એક સામાન્ય કાર્યકર હતા, તેમના અક્ષર સારા ન હતા, તેથી દિવાલો પર સ્લોગન લખવાને બદલે સફેદ પેઈન્ટિંગનું કામ જ કરતા હતા. દિવાલો પર રંગ લગાવનાર કાર્યકરોને પણ ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ બનવાની તક મળી.

ગડકરીએ કહ્યું કે ભારતીય જનતા પાર્ટીમાં પીએમના પેટથી પીએમ, સીએમના પેટથી સીએમ કે મંત્રીના પેટથી મંત્રી પેદા નથી થતા, તેમની પાર્ટી કાર્યકરોની પાર્ટી છે અને તેમના માલિક સામાન્ય જનતા છે.

**કોઈનો પુત્ર કે પતિ હોવું એ ગુનો નથી**

ગડકરીએ કહ્યું કે કોઈનો દીકરો કે પતિ હોવો એ ગુનો નથી, પરંતુ પત્નીની ટિકિટ પતિ કે પુત્રની ટિકિટ પિતાએ માગવી જોઈએ નહીં, પરંતુ જો જનતા માંગ કરે છે કે તેમના પુત્રને ટિકિટ આપવામાં આવે તો તેઓ ચોક્કસપણે વિચાર કરશે. પણ આજકાલ એવું થતું નથી. ભારતીય જનતા પાર્ટીમાં પરંપરા નથી પરંતુ કોંગ્રેસના અધ્યક્ષ એક જ પરિવારમાંથી હોય છે. લાંબા સમય પછી એવું બન્યું છે કે કોંગ્રેસમાં રાષ્ટ્રીય અધ્યક્ષ પરિવારની બહારના છે.







સાવધાન
જમીન, મકાન, દુકાન, ઓફીસ, અથવા કોઈપણ મિલકતો ખરીદતા અથવા વેચતા પહેલા સરકાર દ્વારા નવા નીતિનિયમો (જંત્રી, ટેક્સ) ની કાયદાકીય જાણકારી તેમજ સલાહ માટે સંપર્ક કરો.
ગુજરાત પહેરેદાર
9925368282, 9824368282,
ઈમેલઃ
gujaratpaheredar@gmail.com










## તંત્રી સ્થાનેથી....

# ‘આદિપુરુષ’ના વિરોધમાં કહેવાતાં હિંદુવાદી સંગઠનો ક્યાં ?

સાઉથની ફિલ્મોના સુપરસ્ટાર પ્રભાસ અને કૃતિ સેનનને ચમકાવતી ફિલ્મ ‘આદિપુરુષ’ સામેનો વિરોધ ઉગ્ર બની રહ્યો છે ને નવા નવા મોરચા ખૂલી રહ્યા છે. ‘આદિપુરુષ’ ફિલ્મોના સાવ હલકા અને વિવાદાસ્પદ સંવાદો સામે વધી રહેલા વિરોધને કારણે ફફડી ગયેલા ફિલ્મના નિર્માતાઓએ ફિલ્મના ડાયલોગ્સ બદલવાનો નિર્ણય કર્યો છે પણ તેના કારણે લોકોનો આક્રોશ ઘટ્યો નથી. ‘આદિપુરુષ’ ફિલ્મના ડાયલોગ રાઈટર મનોજ મુન્તશિરે રવિવારે ટ્વિટ કરીને કહ્યું હતું કે આ અઠવાડિયે ફિલ્મમાંથી વિવાદાસ્પદ ડાયલોગ્સ હટાવી દેવામાં આવશે. જો કે મુંતશિરે ક્યારથી ડાયલોગ્સ હટાવી દેવાશે તેની કોઈ સ્પષ્ટતા કરી નથી તેથી આ સ્પષ્ટતા પછી પણ લોકોનો આક્રોશ ઘટ્યો નથી.

એક તરફ હિન્દુવાદી સંગઠનોના કાર્યકરો મેદાનમાં આવી ગયા છે તેથી ઘણાં ઠેકાણે ફિલ્મના શો અટકાવી દેવાયા છે તો કેટલાંક ઠેકાણે શો કેન્સલ કરવાની ફરજ પડી છે. આ ફિલ્મ બતાવાતી રોકવા માટે હિંદુ સંગઠનના કાર્યકરો થિયેટરમાં ઘૂસી જઈને દર્શકોને બહાર કાઢવાથી માંડીને હોલની સામે બેસીને હનુમાન ચાલીસાના પાઠ કરવા સુધીની જુદી જુદી રીતે વિરોધ કરી રહ્યા છે. ભારતીય કિસાન યુનિયન જેવાં સંગઠનો પણ આ વિરોધમાં કૂદ્યાં છે અને ફિલ્મના દિગ્દર્શક ઓમ રાઉત અને લેખક મનોજ મુન્તશિરનું પૂતળું બાળવા સહિતના કાર્યક્રમો કરી રહ્યા છે.

ભારતીય કિસાન યુનિયને તો આક્રોશ પણ ઠાલવ્યો કે, આ ફિલ્મ સનાતન ધર્મની મજાક ઉડાવવા માટે બનાવવામાં આવી છે. આ સંજોગોમાં માત્ર ફિલ્મના સંવાદો બદલવાથી કંઈ થશે નહીં. આ ફિલ્મ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકાવો જોઈએ અને આખા દેશમાંથી ફિલ્મ ઉતારી લેવાવી જોઈએ. ભારતની જેમ નેપાળમાં પણ આ ફિલ્મ સામે વિરોધનો વંટોળ છે.

# એકાગ્રતા વધારવાથી લઈને પરેશાનીઓને દૂર રાખે છે રુદ્રાક્ષ, જાણો 1, 2, 4 મુખી રુદ્રાક્ષના ફાયદા



ન્યુઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

**વાસ્તુશાસ્ત્ર જ્યોતિષ**

રુદ્રાક્ષ ધારણ કરવું ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. તેનું કારણ તેની સાથે જોડાયેલી અનેક વાર્તાઓ અને જીવન પર તેની અસર છે. રુદ્રાક્ષની શ્રેણી એકથી 21 મુખ સુધી હોય છે. તેમને પહેરવાના અલગ-અલગ ફાયદા પણ છે. આને પહેરવાથી સ્વાસ્થ્ય સારું રહેવાની સાથે તન અને મન શાંત રહે છે. સકારાત્મકતા આવે છે. દરેક કામમાં મન લગાવવાથી પૈસા સંબંધિત સમસ્યાઓનો પણ અંત આવે છે. જો કે દરેક સમસ્યા માટે અલગ-અલગ રુદ્રાક્ષ સૂચવવામાં આવ્યા છે.

શાસ્ત્રો અનુસાર રુદ્રાક્ષની ઉત્પત્તિ ભગવાન શિવના આંસુમાંથી થઈ છે. તેને ધારણ કરવાથી ડર અને પરેશાનીઓનો અંત આવે છે. ભગવાન શિવની કૃપા હંમેશા બની રહે છે. તેને દરેક કાર્યમાં સફળતા મળે છે. જો તમારું મન કોઈ વાતમાં નથી લાગતું અને અસ્વસ્થ રહે છે. જો તમને સફળતા ન મળી રહી હોય તો તમે રુદ્રાક્ષ ધારણ કરી શકો છો. આવો જાણીએ આ સમસ્યાઓમાં કયો રુદ્રાક્ષ ધારણ કરવો જોઈએ.

એક મુખી રુદ્રાક્ષ - જો તમે આંખો, બ્લડપ્રેશર, માથાનો દુખાવો અથવા હાડકાં સંબંધિત રોગોથી પરેશાન છો તો એક મુખી રુદ્રાક્ષ ધારણ કરવાથી તમારી સમસ્યાઓનો અંત આવી શકે છે. જે લોકોની કુંડળીમાં સૂર્ય નબળો હોય તેવા લોકોમાં તે આત્મવિશ્વાસ અને એકાગ્રતામાં પણ વધારો કરે છે. તેણે એક મુખી રુદ્રાક્ષ ધારણ કરવો જોઈએ. તેનાથી તેમને સફળતા મળે છે. ભાગ્ય ચમકવા લાગે છે.

બે મુખી રુદ્રાક્ષ - શાસ્ત્રો અનુસાર બે મુખી રુદ્રાક્ષને શિવની શક્તિનું સ્વરૂપ માનવામાં આવે છે. કુંડળીની દ્રષ્ટિએ જે લોકોનો ચંદ્ર નબળો હોય છે. તેમના માટે બે મુખી રુદ્રાક્ષ ધારણ કરવાથી લાભ થાય છે. તે મનને શાંત કરે છે અને તેને તીક્ષ્ણ અને મજબૂત બનાવે છે.

ચાર મુખી રુદ્રાક્ષ - ચાર મુખી રુદ્રાક્ષને બ્રહ્માનું સ્વરૂપ માનવામાં આવે છે. આ ધારણ કરવાથી વ્યક્તિને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ મળે છે. તેનાથી જ્ઞાન અને બુદ્ધિ વધે છે. આ સાથે જ નબળા ગ્રહ બુધની સ્થિતિમાં 4 મુખી રુદ્રાક્ષ ધારણ કરવું ખૂબ જ ફાયદાકારક છે.

## જાણવા જેવું

- ભારતનું પ્રથમ વાઈફાઈ શહેરઃ કોલકાતા
- ભારતમાં પ્રથમ મેટ્રો ટ્રેન ક્યા શરૂ થઈઃ કોલકાતા
- ભારતમાં સૌથી લાંબો ફ્લાય ઓવરબ્રિજ ક્યાં છેઃ હૈદરાબાદ
- ભારતમાં દારૂબંધી કરનાર પ્રથમ રાજ્યઃ ગુજરાત
- ભારતમાં પ્રથમ નોતબંધી ક્યારે થઈઃ વર્ષ ૧૯૪૬
- ભારતમાં અત્યારે કેટલા રાજ્યો આવેલ છેઃ ૨૮ રાજ્ય
- ભારતમાં હાલ કેટલા કેન્દ્ર શાસિત પ્રદેશ આવેલ છેઃ ૮
- ભારતમાં કેટલા હાઈકોર્ટ આવેલ છેઃ ૨૫
- સોનાના ભાવના ચઢાવ ઉતાર પર ક્યાંથી અંકુશ થાય છેઃ લંડન
- સૌથી સસ્તું સોનું કયા મળે છેઃ હોંગકોંગ

ગુજરાત પહેરેદાર
Email : gujaratpaheredar@gmail.com
9925368282 / 9824368282

# મનને શાંત કરવા માટે તમે પણ આ ખાસ ટિપ્સને ફોલો કરો



ન્યુઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

**હેલ્થ એન્ડ ફિટનેસ**

આજના સમયમાં દરેક વ્યક્તિ પોતાની લાઈફમાં બીઝી હોય છે. આ બીજી લાઈફ સ્ટાઈલમાં કોઈપણ વ્યક્તિ પોતાની ઉપર વધારે ધ્યાન નથી આપી શકતા. આવી પરિસ્થિતિમાં તે મનથી દુઃખી થતા હોય છે. અમુક વખત નાની નાની વસ્તુઓનું દુઃખ લાગતું હોય છે. આ કારણથી મન અશાંત થઈ જાય છે. સાથે જ ચિંતા અને તનાવ પણ વધી જાય છે. આ બધી વસ્તુઓથી દૂર રહેવું અઘરું છે. પણ તમે કોશિશ કરીને મનને શાંત કરી શકો છો. સાથે જ તમે ખુશ પણ રહી શકો છો. આના માટે તમારે અમુક સામાન્ય બાબતોનું ધ્યાન રાખવું જોઈએ . આજે આપણે મનને શાંત રાખવા માટે અમુક વાતો વિશે શીખીશું. જો તમે આ વાતોનું ધ્યાન રાખશો તો રિલેક્સ રહી શકશો. મનને શાંત રાખવા માટે હંમેશા સારી બાબતો પર ધ્યાન આપો. દરરોજ તમારી સાથે અલગ અલગ વસ્તુઓ થતી હોય છે. તમે હંમેશા પોઝીટીવ વસ્તુઓ વિશે વિચારો. તમારી સાથે થતી નેગેટિવ વસ્તુઓને ઈગ્નોર કરો. એ વસ્તુઓને ભૂલી જાઓ. નવા મિત્રો બનાવો અને તેમની સાથે ટાઈમ સ્પેન્ડ કરો. તમને મનગમતી પ્રવૃત્તિઓ કરો. સાથે જ સંગીત પણ સાંભળો. તેનાથી તમારા મનને શાંત રાખવામાં મદદ મળશે. આ સિવાય તમે પોતાના માટે સમય કાઢો. દરરોજ મેડીટેશન કરવાથી તમને ફાયદો થશે. આ સિવાય તમે પોતાને બીઝી રાખો. જો તમારું મન ખાલી રહેશે તો તેમાં ઘણા બધા વિચારો આવી શકશે. એવામાં તમારે પોતાની જાતને બીઝી રાખવી જોઈએ. તમે હંમેશા પોતાની જાતને પ્રેમ કરો. આવું કરવાથી તમે હંમેશા ખુશ રહી શકશો.

દોસ્તો, જો તમને અમારી આ માહિતી ઉપયોગી લાગી હોય તો આર્ટીકલ ને લાઈક કરો. સાથે જ તમારા ખાસ મિત્રો સાથે શેર પણ જરૂરથી કરો.

# ખુશખબર / હવે 14 સપ્ટેમ્બર સુધી ફ્રી અપડેટ કરી શકશો આધાર

## UIDAIએ ત્રણ મહિના સુધી તારીખ લંબાવી




ન્યુઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

Aadhar Updation Date Extend: જો કોઈ કારણોસર તમે 14 જૂન સુધી તમારું આધાર કાર્ડ અપડેટ કરી શક્યા નથી, તો ચિંતા કરવાની જરૂર નથી. કારણ કે, સરકારે ફ્રી આધાર કાર્ડ અપડેટની તારીખ 3 મહિના વધારી દીધી છે. હવે તમને આ સુવિધા 14 સપ્ટેમ્બર સુધી મફતમાં મળશે. હવે લોકો પાસે ત્રણ મહિનાનો પૂરતો સમય છે. જો કે, જે લોકો તેમના કાર્ડને અપડેટ કરવા માટે આધાર કેન્દ્ર પર જાય છે તેમને 50 રૂપિયાની ફી ચૂકવવી પડી શકે છે. ઉપરાંત, ફ્રી અપડેટ ફક્ત તે કાર્ડ ધારકો માટે જ હશે, જેમણે છેલ્લા 10 વર્ષમાં એકવાર પણ આધાર અપડેટ નથી કર્યું.

**ઘરે બેસીને કરો આધાર અપડેટ**

હકીકતમાં, આધાર ઓથોરિટીએ છેલ્લા બે મહિનાથી મફતમાં આધાર અપડેટ કરવાની જાહેરાત કરી હતી. પરંતુ UIDAIએ 14 જૂન સુધી જ આ સુવિધા આપવાની જાહેરાત કરી હતી. લોકોની સમસ્યાને જોતા હવે UIDAIએ ફ્રી કાર્ડ અપડેટની તારીખ લંબાવી છે. એટલે કે હવે કોઈપણ કાર્ડ ધારક 14 સપ્ટેમ્બર સુધી ઘરે બેઠા મફતમાં પોતાનો આધાર અપડેટ કરી શકશે. જો કે, જે લોકો આધાર કેન્દ્ર પર જઈને તેમાં સુધારો કરાવે છે, તેમની પાસેથી 50 રૂપિયા સુધીની ફી વસૂલવામાં આવી શકે છે. જો કે, ફક્ત તે લોકો જ આ સુવિધાનો લાભ લઈ શકે છે જેમણે છેલ્લા 10 વર્ષથી આધાર અપડેટ નથી કર્યું.

**હવે 14 સપ્ટેમ્બર છે લાસ્ટ ડેટ**

આપને જણાવી દઈએ કે, એવા ઘણા લોકો છે જે નોકરીના કારણે પોતાનું એડ્રેસ બદલતા રહે છે. તેની સાથે કેટલાકના આધારમાં નામ બરાબર લખાયેલું નથી હોતું. આવા તમામ આધાર કાર્ડને અપડેટ કરવા માટે, UIDAI એ ફ્રી અપડેટ સુવિધા પૂરી પાડી હતી. જેની 14 જૂનના રોજ પૂરી થઇ હતી. પરંતુ હવે તેને લંબાવવામાં આવ્યો છે. એટલે કે, હવે કોઈપણ કાર્ડધારક ત્રણ મહિના માટે ફ્રીમાં આધાર અપડેટ કરી શકશે.

# આ દિશામાં માથું કરીને ઊંઘવાથી મળે છે શુભ પરિણામ, જાણો વિસ્તારથી



ન્યુઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

**વાસ્તુશાસ્ત્ર જ્યોતિષ**

દરેક વ્યક્તિ રાત્રે ઊંઘે છે. શરીર માટે ઊંઘ ખૂબ જ જરૂરી હોય છે. આખા દિવસના થાક પછી રાત્રે શાંતિથી ઊંઘવું ખૂબ જ આવશ્યક હોય છે. જો તમે યોગ્ય પ્રમાણમાં ઊંઘ નથી લેતા તો તેનાથી તમને અનેક સ્વસ્થ સમસ્યાઓ થઈ શકે છે. સાથે જ માનસિક રીતે પણ તમે હેરાન થઈ શકો છો. આ માટે તમારે દરરોજ સારી ઊંઘ લેવી ખૂબ જ જરૂરી છે. આના માટે તમારે યોગ્ય દિશામાં ઊગવું જોઈએ. વાસ્તુશાસ્ત્રમાં ઘણા બધા નિયમ બતાવવામાં આવ્યા છે. ઊંઘવા માટે પણ દિશાનું મહત્વ બતાવવામાં આવ્યું છે. જો તમે યોગ્ય દિશામાં ઊંઘો છો તો તેનાથી તમને સારી ઊંઘ આવે છે. સાથે જ તમારા જીવનમાં સુખ સમૃદ્ધિ વધે છે. આજે આપણે ઊંઘવા વિશેના નિયમો વિશે જાણીશું.

દરેક વ્યક્તિએ દક્ષિણ દિશામાં માથું કરીને ઊંઘવું જોઈએ. તથા પગ ઉત્તર દિશામાં હોવા જોઈએ. જો તમે આવી રીતે ઊંઘો છો તો તમને સારી ઊંઘ આવે છે. સાથે જ તમારા ઘરમાં સકારાત્મકતા પણ વધે છે. આથી વિરુદ્ધ તમારે દક્ષિણ દિશામાં પગ કરીને બિલકુલ પણ નહીં ઊંઘવું જોઈએ. જો તમે આવું કરો છો તો તમે માનસિક સમસ્યાઓથી પરેશાન થઈ શકો છો. સાથે જ તમને અનેક નાની મોટી સમસ્યાઓ થઈ શકે છે આ સિવાય તમે પૂર્વ દિશામાં માથું કરીને ઊંઘી શકો છો પરંતુ પશ્ચિમ દિશામાં માથું કરીને પણ નહીં ઊંઘવું જોઈએ. પૂર્વ દિશામાં માથું કરીને ઊંઘવાથી તમારી યાદશક્તિ વધે છે. સાથે જ તમે સફળતા તરફ આગળ વધો છો. આથી પૂર્વ દિશામાં માથું કરીને ઊંઘવું પણ તમારા માટે ઘણું જ ફાયદાકારક રહે છે. વિદ્યાર્થીઓ આ દિશામાં માથું કરીને ઊંઘી શકે છે. તમે પણ દિશાનું ધ્યાન રાખીને જ ઊંઘો.

# ઔરંગાબાદ બસ ડેપોનું નામ બદલવા માગણી : ઉધના ડેપો પર ઔરંગાબાદ નામ કાઢી સંભાજી મહારાજ કરી દેવાયું



ઔરંગાબાદનું નામ બદલીને શ્રી છત્રપતિ સંભાજી મહારાજ કરવા માટે પહેલાં મોટાપાયે માંગ થતી હતી. અગાઉ ઉઠેલો આ વિવાદ નરમ પડ્યો હતો પરંતુ સોમવારે ઉધના બસ ડેપો પર પ્લેટફોર્મ નંબર-4ના બસ સ્ટોપ પર ઔરંગાબાદ માટે ઉભી રહેતી બસના સ્ટેન્ડ પરનું નામ કેટલાંક ઉધના વિસ્તારના યુવાનોએ કાઢી નાંખ્યું હતું અને શ્રી છત્રપતિ સંભાજી મહારાજ નામનું સ્ટિકર લગાવી દીધું હતું.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ ઉધના બસ સ્ટેન્ડ ખાતે 7થી 8 યુવાઓએ મળીને સ્ટેન્ડ ખાતે ઔરંગાબાદ નામને કાઢી નાંખ્યું હતું તથા તેને સ્થાને શ્રી છત્રપતિ સંભાજી મહારાજ નામ લખેલું સ્ટિકર ચોંટાડી દીધું હતું. આ યુવકોએ જય શ્રી રામના નારા લગાવીને ઔરંગાબાદનું નામ છત્રપતિ સંભાજી મહારાજ કરવા માગ પણ કરી હતી.

# કબજિયાત હોમિયોપેથી અભિગમ




**હેલ્થ અને ફિટનેસ** ન્યુઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

દરેક ઉંમરના લોકોને પ્રસંગોપાત કબજિયાતનો સામનો કરવો પડી શકે છે. મોટી ઉંમર વૃદ્ધ લોકો ઓછા સક્રિય હોય છે, ધીમી ચયાપચય અને તેમના પાચનતંત્રમાં સ્નાયુ સંકોચનની શક્તિ ઓછી હોય છે. સ્ત્રી બનવું, ખાસ કરીને જ્યારે તમે ગર્ભવતી હો અને બાળજન્મ પછી. સ્ત્રીના હોર્મોન્સમાં ફેરફાર તેમને કબજિયાત માટે વધુ સંવેદનશીલ બનાવે છે. ગર્ભાશયની અંદરનું બાળક આંતરડાને સ્ક્વીશ કરે છે, સ્કૂલના માર્ગને ધીમું કરે છે. પૂરતા પ્રમાણમાં ઉચ્ચ ફાઈબરવાળા ખોરાક ન ખાતા અથવા ખામીયુક્ત જીવનશૈલી. અમુક દવાઓ લેવી. ચોક્કસ ન્યુરોલોજીકલ (મગજ અને કરોડરજ્જુના રોગો) અને પાચનતંત્રના રોગો.

ઘણા લોકો માટે તેમની દીર્ઘકાલીન કબજિયાતનું કારણ જાણી શકાયું નથી. તેને ક્રોનિક ઈડિઓપેથિક કબજિયાત તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે આપણે તેને કબજિયાતવાળા આંતરડા કહી શકીએ.

દર અઠવાડિયે ત્રણથી ઓછી આંતરડાની હિલચાલ

સખત, શુષ્ક અથવા ગઠ્ઠો મળ

મળ પસાર કરતી વખતે મુશ્કેલી અથવા પીડા

અસંતોષકારકમળ પસાર થવો

કબજિયાત જીવનની ગુણવત્તા તેમજ શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર ગંભીર નકારાત્મક અસર કરી શકે છે. કબજિયાતથી છુટકારો મેળવવા માટે પ્રવાહીનું સેવન વધવું, ફાઈબરની માત્રાથી ભરપૂર આહાર, નિયમિત ચાલવું અથવા કસરત કરવી એ કબજિયાતને મટાડવામાં ઘણી મદદ કરી શકે છે.

તબીબી પરામર્શ ક્યારે લેવોઃ કેટલાક ચિહ્નો કે જેનાપર તમારે ધ્યાન આપવું જોઈએ અને વહેલામાં વહેલી તકે ડોકટરને જાણ કરવી જોઈએ તે આ મુજબ છેઃ

ગુદામાર્ગમાંથી રક્તસ્રાવ, પેટમાં તીવ્ર દુઃખાવો

- ઉબકા અને ઊલટી, તાવ
- વજન ઓછું થવું.

કબજિયાત માટે હોમિયોપેથિક સારવારઃ

હોમિયોપેથી કબજિયાત માટે આશાસ્પદ ઈલાજ આપે છે. ક્રોનિક કબજિયાત વિવિધ બંધારણીય સમસ્યાઓ જેમ કે તણાવ. આનુવંશિક પૂર્વગ્રહ, બદલાયેલ ઊંઘની પેટર્ન, વગેરેના પરિણામે થાય છે. હોમિયોપેથી સારવાર આપે છે જે દર્દીના વ્યક્તિગત કેસ પેટર્ન પર આધારિત છે.

હોમિયોપેથી આંતરડાની કાર્યક્ષમતાને સામાન્યમાં લાવે છે. આ આંતરડાની હિલચાલને નિયમિત કરવામાં અને સામાન્ય સુસંગતતાના મળની રચનામાં મદદ કરે છે.

કબજિયાત માટેની હોમિયોપેથિક દવાઓ આદત બનાવતી ન હોવાને કારણે નિવારક વાઓ કરતાં અલગ છે. મોટા ભાગના શુદ્ધિકરણો આદત બનાવે છે, તેને રોકવા પર, અંતે વધુ નુકસાન કરે છે. હોમિયોપેથિક દવાઓ આદત બનાવતી નથી, કારણ કે તે વાસ્તવમાં રોગનિવારક નથી. હકીકતમાં, તેઓ લાંબા ગાળાની કબજિયાતને કારણે ઉદ્ભવતા પાઈલ્સ અને ગુદા ફિશર જેવી પરિસ્થિતિઓની સારવાર પણ કરે છે.

કબજિયાતની સારવાર માટેની શ્રેષ્ઠાઓ નક્સ વોમિકા, બ્રાયોનિયા આલ્બા, એલ્યુમિના, પ્લમ્બમ, લાઈકોપોડિયમ અને ઓપિયમ છે.

# દેશનું પ્રથમ પ્રાઈવેટ રેલવે સ્ટેશન પર મળશે એરપોર્ટ મળતી સુવિધાઓ

## જોવામાં ફાઈવ સ્ટાર હોટલથી ઓછું નથી



ન્યુઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

Rani Kamlapati Railway Station: ભારતીય રેલવે દેશમાં સૌથી વધુ પ્રગતિ કરી રહી છે. આ વિભાગ ઝડપથી તેના સ્ટેશનોના આધુનિકીકરણમાં વ્યસ્ત છે અને સેમી હાઈ સ્પીડ ટ્રેનોનું સંચાલન કરી રહ્યું છે. તે જ સમયે, દેશમાં પ્રથમ હાઈટેક ખાનગી (Private) રેલવે સ્ટેશન પણ બનાવવામાંઆવ્યુંછે, જ્યાંતમનેવિશ્વ સ્તરનીસુવિધાઓમળશે.

જોવામાં આ રેલવે સ્ટેશન કોઈ ફાઈવ સ્ટાર હોટલ કરતાં ઓછું નથી. IRDC (ઈન્ડિયન રેલવે ડેવલપમેન્ટ કોર્પોરેશન) મુજબ, આ રેલવે સ્ટેશનને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રાઈવેટ પાર્ટનરશિપના માધ્યમથી વિકસાવવામાં આવ્યું છે. આવો તમને જણાવીએ કે, કેવું છે દેશનું પહેલું પ્રાઈવેટ રેલવે સ્ટેશન.

વર્ષ 2021માં હબીબગંજ રેલવે સ્ટેશનનું નામ બદલીને રાણી કમલાપતિ રેલવે સ્ટેશન કરવામાં આવ્યું હતું. મીડિયારિપોર્ટ્સમુજબ, ભારતીય રેલવેએ આ સ્ટેશનના વિકાસની સંપૂર્ણ જવાબદારી બંસલ જૂથને આપી હતી. સ્ટેશન બનાવવા ઉપરાંત, આગામી 8 વર્ષ સુધી તેની જાળવણી અને સંચાલન માટે પણ બંસલ જૂથ જવાબદાર છે. આ સ્ટેશનની લીઝ 45 વર્ષ માટે છે. રાણી કમલાપતિ રેલવે સ્ટેશન પર તમને એરપોર્ટ પર મળતી સુવિધાઓ મળશે. જેમ કે જ્યારે ફ્લાઈટ મોડી હોય ત્યારે તમે એરપોર્ટ પર ખરીદી કરી શકો છો. તેવી જ રીતે, તમને આ સ્ટેશન પર શોપિંગ સ્ટોર્સ, રેસ્ટોરાં, કેટરિંગની દુકાનો પણ મળશે. એટલું જ નહીં, મહિલા મુસાફરો માટે તેમની જરૂરિયાત મુજબ અલગથી સુવિધા આપવામાં આવી છે.

આ સ્ટેશન પર ઉર્જા માટે સોલાર પેનલ પણ લગાવવામાં આવી છે, જેમાંથી મળતી ઉર્જાનો ઉપયોગ સ્ટેશનના કામ માટે કરવામાં આવશે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, આ સ્ટેશનને એવી રીતે ડિઝાઈન કરવામાં આવ્યું છે કે કોઈ પણ ઈમરજન્સીની સ્થિતિમાં મુસાફરોને 4 મિનિટમાં સ્ટેશનની બહાર લઈ જઈ શકાય છે. આ રીતે કોઈ પણ ઈમરજન્સીમાં લોકો મૃત્યુ પામશે નહીં.

# વડોદરાની KPGU કોલેજને ગામમાં ડ્રેનેજ લાઈન નાંખવા 72.80 લાખ આપવા ધમકી, ડેપ્યુટી સરપંચ સહિત 7 સામે ફરિયાદ

**ગુજરાત પહેરેદાર- વડોદરા**

વડોદરા નજીક આવેલા વરણામા ગ્રામ પંચાયતમાં નવી ડ્રેનેજ લાઈન નાંખવાની હતી. આ લાઈન નાંખવા વરણામા ખાતે આવેલી કે.પી.જી.યુ. કોલેજ પાસે રૂપિયા 72.80 લાખની પંચાયત દ્વારા માંગણી કરવામાં આવી હતી. પરંતુ, નાણાં આપવામાં અખાડા કરનાર કોલેજના વહીવટકર્તાઓ ઉપર દબાણ કરી કોલેજ કેમ્પસમાં કામ કરતા કોન્ટ્રાક્ટરોને જાનથી મારી નાંખવાની ધમકી આપનાર ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચ, સભ્ય સહિત 7 સામે વરણામા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા ચકચાર મચી ગઈ છે.

વરણામા પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદ મુજબ વિગત એવી છે કે, વરણામા ગામ ખાતે કે.પી.જી.યુ. કોલેજ આવેલી છે. આ કોલેજના કેમ્પસમાં ખાળકૂવાની વ્યવસ્થા છે. ઉપરાંત કેમ્પસમાંથી ડ્રેનેજના પાણીના નિકાલ માટેની લાઈન કેમ્પસના પાછળના ભાગે આવેલ વરણામા ગામની મેઈન ડ્રેનેજ લાઈનમાં ભેગી થાય છે.

ગ્રામ પંચાયત દ્વારા જુની ડ્રેનેજ લાઈનને ડેમેજ કરી નવી ડ્રેનેજ લાઈન નાંખવાનું આયોજન કરવામાં આવ્યું છે. જે માટે માટે નાણાંની જરૂરીયાત ઉભી થતાં પંચાયત દ્વારા કે.પી.જી.યુ. કોલેજ પાસે રૂપિયા 72,80,250 પંચાયતના ગામના કોન્ટ્રાક્ટર નિખીલભાઈ રમેશભાઈ પટેલના બેંક એકાઉન્ટમાં નાખવા માટે ડેપ્યુટી સરપંચ વિપુલભાઈ નગીનભાઈ પટેલ તેમજ પંચાયત સભ્ય કૃણાલ ચંદ્રકાંત પટેલ કોલેજના વહીવટકર્તા યોગેન્દ્રકુમાર લાલજીભાઈ ગાબાણી (રહે. બી-46, સુકૃતિનગર સોસાયટી, દિવાળીપુરા, વડોદરા) ઉપર દબાણ કરતા હતા.

આ ઉપરાંત ફરિયાદમાં જણાવ્યું પ્રમાણે કોલેજના સંચાલકો પાસેથી નવી ડ્રેનેજ લાઈન નાંખવા માટે રૂપિયા 72.80 લાખ કઢાવવા માટે વરણામા ગામના ડેપ્યુટી સરપંચ, પંચાયત સભ્ય સહિત ગામના 7 લોકો યોગેન્દ્રકુમાર ગાબાણીને કેમ્પસમાં કોઈ કામ થવા દઈશું નહિં તેમજ જણાવી કેમ્પસમાં કામ કરતા કોન્ટ્રાક્ટરોને ધમકીઓ આપતા હતા. અને વહીવટકર્તા યોગેન્દ્રકુમાર ગાબાણીને જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં આવી હતી.

વરણામા પોલીસે કોલેજમાં નોકરી કરતા યોગેન્દ્રભાઈ ગાબાણીની ફરિયાદના આધારે વરણામા ગામમાં રહેતા વરણામા ગામના ડેપ્યુટી સરપંચ વિપુલભાઈ નગીનભાઈ પટેલ, ગ્રામ પંચાયતના સભ્ય કૃણાલ ચંદ્રકાંત અમીન, વિનયભાઈ રમેશચંદ્ર ભટ્ટ, નિખીલ રમેશભાઈ પટેલ, ભરતભાઈ ઠાકોરભાઈ પટેલ (દેશાઈ), જગદીશભાઈ મહીજીભાઈ પટેલ અને પંકજભાઈ રમેશભાઈ પટેલ સામે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે. વરણામા પોલીસ મથકમાં ડેપ્યુટી સરપંચ અને સભ્ય સહિત 7 લોકો સામે ફરિયાદ નોંધાવતા વરણામા સહિત પંથકમાં ચકચાર મચી ગઈ છે.

# અમદાવાદમાં ૨૪ વર્ષના યુવકની હત્યાને અંજામ આપી બે આરોપી ફરાર

**નયનાબેન ચુડાસમા, ગુજરાત પહેરેદાર, અમદાવાદ**

રથયાત્રા પૂર્વે અમદાવાદ થયું રક્તરંજીત, કુબેરનગરમાં ખેલાયો ખુની ખેલ, હવે ગુનેગારો બેફામ બનીને અમદાવાદ પોલીસને ખુલ્લો પડકાર કરી રહ્યા છે, શું આજ છે ગાંધીનું ગુજરાત..?

અમદાવાદમાં સંતોષીનગર ની ચાલી બહાર, કુબેરનગર વિસ્તાર નરોડામાં બે અજાણ્યા શખ્સોએ ઉંમર ૨૪ વર્ષના રિક્ષા ચાલક ગોપાલ ઠાકોર નામના યુવકની છરીના ૪ થી ૫ ઘા મારીને હત્યાની ઘટનાને અંજામ આપીને બંને આરોપીઓ અંધારામાં રેલ્વે લાઈન તરફ નાસી ગયા હતા.

જોકે ઘટનાનું કારણ જાણી શકાયું નથી. તેથી નરોડા પોલીસે ઘટનાની તપાસ સાથે આગળની કાર્યવાહી હાથ ધરી છે. પરંતુ તપાસ બાદ શું આશાસ્પદ મૃતકના પરિજનોને ન્યાય મળશે કે નહિ તેવી ચર્ચા થઈ રહી છે.

# ગોધરામાં ૨૩ જૂનના રોજ ત્રિમંદિર ખાતે જિલ્લા કક્ષાનો ઔદ્યોગિક રોજગાર ભરતીમેળો તથા સ્વ-રોજગાર માર્ગદર્શન શિબિર યોજાશે

**ગુજરાત પહેરેદારઃ ગોધરા**

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી, પંચમહાલ તથા મહીસાગર દ્વારા તારીખ ૨૩-૦૬-૨૦૨૩એ સવારના ૧૦:૦૦ કલાકે ત્રિમંદિર, અમદાવાદ ગોધરા હાઈવે રોડ, ગોધરા ખાતે મહિલા તથા પુરુષ ઉમેદવારો માટે જિલ્લા કક્ષાનો ઔદ્યોગિક રોજગાર ભરતીમેળો યોજાશે.

જેમાં ઉમેદવારોને ખાનગી ક્ષેત્રમાં રોજગારીની તક માટે એમ.જી મોટર હાલોલ, આર.બી કાર્સ ગોધરા, વેરોક એન્જીનીયરીંગ લી હાલોલ, પ્રેસિડેન્ટ હ્યુન્ડાઈ ગોધરા, એલ.એમ વિન્ડ બ્લેડ્સ ઈન્ડિયા પ્રા.લી હાલોલ જેવા એકમો દ્વારા ટેકનીકલ તથા નોન ટેકનીકલ જગ્યાઓ માટે ધોરણ ૦૮ પાસ કે તેથી વધુ, ધોરણ ૧૦ પાસ, ધોરણ ૧૨ પાસ, આઈ.ટી.આઈ (ટેકનીકલ ટ્રેડ), ડીપ્લોમા (ટેકનીકલ ટ્રેડ) તથા ગ્રેજ્યુએટ લાયકાત ધરાવતા ૧૮ થી ૩૨ વયમર્યાદા ધરાવતા અનુભવી, બિન-અનુભવી ઉમેદવારોને ઈન્ટરવ્યું પ્રક્રિયા દ્વારા રોજગારીની તક આપવામાં આવશે. ઔધોગિક રોજગાર ભરતીમેળામાં ભાગ લેવા રોજગાર અધિકારીશ્રી ગોધરાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ઈસ્કોન મંદિર ખાતેથી મોડી રાત્રે રથ રેલવે સ્ટેશન પાસે લવાયો

## ગેંડા સર્કલ પાસે ગટરની ચેમ્બરો ખોદી હોવાથી રથ લાવવામાં મુશ્કેલી સર્જાઈ



ન્યુઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

રથયાત્રાની પૂર્વ સંધ્યાએ રથને ગોત્રી રોડ ઈસ્કોન મંદિરથી વડોદરા રેલવે સ્ટેશન ખાતે પ્રસ્થાન સ્થાને લાવવાની વરસો જૂની પરંપરા છે. જે અનુસાર રથ ગોત્રી રોડથી નીકળ્યા બાદ ગેંડા સર્કલ, શાસ્ત્રી બ્રિજ થઈને સ્ટેશને પહોંચ્યો હતો. જોકે ગેંડા સર્કલ નીચે સર્વિસ રોડ પર પાલિકાએ ગટરની ચેમ્બરો ખોદી નાખેલી હોવાથી રથને આગળ ધપાવતાં સ્વયંસેવકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી, જેના કારણે રથને સ્ટેશન સુધી પહોંચવામાં વિલંબ થયો હતો.

અચરજની વાત તો એ છે કે, રથયાત્રા પૂર્વે પાલિકાના અનેક હોદ્દેદારો ઈસ્કોન મંદિર ખાતે ગયા હતા અને રથયાત્રાના આયોજકો સાથે બેઠકો કરી હતી તેમ છતાં ખોદેલી ચેમ્બરોના રિપેરિંગ માટેની શા માટે કોઈ ચર્ચા ન થઇ તે એક મોટો સવાલ છે. રથ રેલવે સ્ટેશન ખાતે પ્રસ્થાન સ્થાને પહોંચી જતાં પોલીસે રથનો હવાલો લઇ લીધો હતો. રાતના સમયે પણ રથને જોવા માટે ભારે ધસારો જોવા મળ્યો હતો.

# બેંકિંગ-ફાઈનાન્સમાં વિવિધ પદ માટે ઈન્ટરવ્યુ લેવા કોમર્સના ભરતી મેળામાં 250 જગ્યા માટે 150 છાત્રે ભાગ લીધો, 33ને ઓફર મળી

**ગુજરાત પહેરેદાર- વડોદરા**



ન્યુઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

મ.સ. યુનિ.ની કોમર્સ ફેકલ્ટી ખાતે ભરતી મેળો યોજાયો હતો, જેમાં બીકોમ, બીબીએ, બીએસસી થયેલા 150 વિદ્યાર્થી ઉપસ્થિત રહ્યા હતા. બેંકિંગ અને ફાઈનાન્સ સેક્ટરની કંપનીઓમાં સેલ્સ એક્ઝિક્યૂટિવ જેવી 250થી વધુ જગ્યા માટે ભરતી પ્રક્રિયા કરાઇ હતી. જેમાં 33 વિદ્યાર્થીને જોબ ઓફર અપાઈ હતી.

મદદનીશ નિયામક (રોજગાર) કચેરી, યુનિવર્સિટી એમ્પ્લોયમેન્ટ ઈન્ફોર્મેશન એન્ડ ગાઈડન્સ બ્યૂરો અને કોમર્સ ફેકલ્ટીના ઉપક્રમે 19 જૂને કોમર્સના મેઈન બિલ્ડિંગમાં બેંકિંગ-ફાઈનાન્સ સેક્ટરની કંપનીઓમાં સેલ્સ એક્ઝિક્યૂટિવ જેવી 250થી વધુ વેકેન્સી માટે જિલ્લા કક્ષાનો ખાસ ભરતી મેળો યોજાયો હતો. જેમાં ઓન ધ સ્પોટ ઈન્ટરવ્યુ સહિતની પ્રક્રિયા કરી હતી.

મેળામાં ટીસીએસ સહિત એડીએસ ફાઉન્ડેશન, એસબીઆઇ કાર્ડ્સએલ એન્ડ ટી ફાઈનાન્સ, એક્સિસ બેંક ઉપસ્થિત રહી હતી. વિદ્યાર્થીઓને અનુબંધમ અને એનસીએસ પોર્ટલ, સ્વરોજગાર, વિદેશ રોજગાર અને શિક્ષણની તકો તેમજ સેફ લીગલ માઈગ્રેશન અંગે માર્ગદર્શન અપાયું હતું. મેળામાં 5 કંપની ઉપરાંત મદદનીશ નિયામક એમ.સી. વસાવા, રોજગાર અધિકારી અલ્પેશ ચૌહાણ તેમજ કોમર્સના ડીન કેતન ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યા હતા.

## કાલોલ કોમી રમખાણોના કેસના ચુકાદામાં કોર્ટનું અવલોકન

# સાક્ષીઓ તપાસવાથી કેસ સાબિત થતો નથી, પુરાવા રેકર્ડ પર જરૂરી

**ગુજરાત પહેરેદાર- ગોધરા**

ગોધરા કાંડ બાદ કાલોલ, દેલોલ અને ડેરોલસ્ટેશન ખાતે થયેલ કોમી રમખાણો ફાટી નીકળતા 3 ના મોંત થયા હોવાની ફરીયાદ નોધાઈ હતી. જે ફરીયાદનો કેસ હાલોલ સેશન્સ કોર્ટમાં ચાલ્યો હતો. 20 વર્ષ ચાલેલી ટ્રાયલ દરમ્યાન 17 આરોપીઓ મૃત્યુ પામ્યા હતા. જયારે જીવીત 33 આરોપીને કોર્ટે પુરાવાના અભાવે નિર્દોષ જાહેર કરતો ચુકાદો આપ્યો હતો. ત્યારે કાલોલ કોમી હુલ્લડના કેસમાં હાલોલ કોર્ટના ચુકાદામાં કોર્ટે અવલોકન કર્યુ કે, કોર્ટમાં રજૂ કરવામાં આવતા પુરાવાએ માનવા લાયક હોવા જોઈએ. ઘણા બધા સાક્ષીઓ તપાસવાથી કેસ સાબીત થઈ જતો નથી.

પરંતુ કોર્ટ દ્વારા જે તહોમતનામું મુકવામાં આવ્યું છે. તે સાબિત કરતા પુરાવા રેકર્ડ પર આવવા જોઈએ. અને તોજ આરોપીઓને સજા કરવા જેટલું વજુદ કેસમાં મળે છે. પરંતુ કાલોલના કોમી રમખાણોના કેસમાં રેકર્ડ પર આવા કોઇ જ પુરાવા આવેલા જણાતો નથી. અને રેકર્ડ પર પંચો બધા ફરી ગયેલ જણાઈ આવે છે. અને તેના કારણે બનાવવાળી જગ્યા અને આરોપીઓ ટોળાંમાં કયાં હથીયાર સાથે હતા તે હકીકત રેકર્ડ પર નિશંક પણે પુરવાર થઇ શકેલી નથી. જેથી આરોપીઓ વિરુદ્ધ પુરતા પુરાવા રેકર્ડ પર ઉપલબ્ધ નથી.

વળી રેકર્ડ પર જે સાહેદોના પુરાવા આવ્યા, જેમાં ઘણો બધો વિરોધાભાસ જોવા મળ્યો છે.

# ભાજપ ધર્મનું માર્કેટિંગ કરીને કોંગ્રેસને બદનામ કરે છેઃ સીએમ ગેહલોતે ભાજપ પર સાધ્યું નિશાન

**ગુજરાત પહેરેદાર**



રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે બીજેપી પર શાબ્દિક હુમલો કરતા કહ્યું કે, ભારતીય જનતા પાર્ટી ધર્મના નામે રાજનીતિ કરી રહી છે. જાતિ અને ધર્મનું માર્કેટિંગ કરીને કોંગ્રેસને બદનામ કરવાના પ્રયાસો થયા છે, પરંતુ હવે લોકો તેનાથી ગેરમાર્ગે નહીં આવે. કર્ણાટક વિધાનસભા ચૂંટણીના પરિણામોનો ઉલ્લેખ કરતા સીએમ ગેહલોતે કહ્યું કે, કર્ણાટકમાં ભાજપે બજરંગ બલીનું નામ લઈને ચૂંટણી જીતવાનો પ્રયાસ કર્યો, પરંતુ જનતાએ તેમને સ્વીકાર્યા નહીં.

શુક્રવારે કિસાન મહોત્સવનું ઉદ્ઘાટન કરતી વખતે મુખ્યમંત્રી અશોક ગેહલોતે ભાજપ અને આરએસએસ પર અનેક રાજકીય પ્રહારો કર્યા હતા.

# દાહોદમાં મહિલા ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે તા. ૨૫ જુન સુધી ફોર્મ ભરી શકાશે

રિપોર્ટરઃ **અક્ષયકુમાર ડી. પરમાર**
ગુજરાત પહેરેદાર, દાહોદ

પ્રવેશસત્ર ઓગષ્ટ-૨૦૨૩માં મહિલા ઔદ્યોગિક તાલીમ સંસ્થા,દાહોદ ખાતે ચાલતા ટ્રેડ જેવા કે વેલ્ડર, ફીટર, ઈલેક્ટ્રિશિયન, સુઇન્ગ ટેકનોલોજી (શિવણ), કોસ્મેટોલોજી (બ્યુટી પર્લર), કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામિંગ આસિસ્ટન્ટ (કોપા), ડેસ્કટોપ પબ્લીસીંગ ઓપરેટર (ડીટીપીઓ), માં પ્રવેશ મેળવવા માટે પ્રવેશ ફોર્મ ભરવાની પ્રક્રિયા તા.૨૫/૦૬/૨૦૨૩ સુધી ચાલુ રહેશે. ફોર્મ ભરવા માટે http/itiadmissino.gujarat.gov.in ની વેબ સાઈટ પર જઈને ઓન લાઈન પ્રવેશ ફોર્મ ભરી શકાશે વધુ વિગતો માટે મહિલા ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ઝાલોદ રોડ, દાહોદનો સંપર્ક કરવા મહિલા ઔદ્યોગિક તાલીમ સંસ્થા,દાહોદની એક યાદીમાં જણાવ્યું છે.

# વડોદરાના “હેલ્પ ફ્રેન્ડ ફાઉન્ડેશન” દ્વારા ગરીબો માટે વિનામૂલ્ય ભોજન કાર્યક્રમ યોજાયો



ન્યુઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

વડોદરામાં ગરીબ બાળકો માટે કાર્યરત સંસ્થા “હેલ્પ ફ્રેન્ડ ફાઉન્ડેશન” દ્વારા તારીખ ૧૯મી જૂન ના રોજ સ્થળ બજાનીયા વાસ, તુલસી ધામ ચાર રસ્તા, માંજલપુર ખાતે ગરીબ અને જરૂરિયાતમંદ બાળકો માટે વિનામૂલ્ય ભોજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં ગરીબ બાળકોએ ભોજનનો સ્વાદ માણ્યો હતો.

# બીપોરજોય વાવાઝોડા વચ્ચે “ટાટા કેમિકલ્સ સોસાયટી ફોર રૂરલ ડેવલપમેન્ટ” ની સરહનીય કામગીરી



ન્યુઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

ઓખાઃ બીપોરજોય વાવાઝોડાની કપરી અને ગંભીર પરિસ્થિતિમાં “ટાટા કેમિકલ્સ સોસાયટી ફોર રૂરલ ડેવલપમેન્ટ” દ્વારા ઓખા નગરપાલિકા વિસ્તારના લોકોને મદદરૂપ થવા તેમજ કોઈ વ્યકિત આવી કપરી પરિસ્થિતિમાં ભૂખ્યો ન રહે તે હેતુ સાથે મંગલ કાર્યલય મીઠાપુર અને એસ.એન. ડી. ટી. સુરજકરાડી મુકામે ફુડ પેકેટ બનાવવાનું અને વિનામૂલ્ય વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે સેવા કાર્ય તારીખ ૧૧મી જૂન થી લઈને હાલ સુધી ચાલી રહ્યું છે.

# રથયાત્રાની પૂર્વસંધ્યાએ પોલીસ દ્વારા ફ્લેગમાર્ચ

**ગુજરાત પહેરેદાર- ગોધરા**



ન્યુઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

રથયાત્રાને આડે હવે માત્ર ગણતરીના કલાકો બચ્યા છે, ત્યારે પંચમહાલ જિલ્લાના મુખ્યમથક ગોધરા શહેરમાં આવેલ શ્રી રણછોડજી મંદિર ખાતેથી નીકળનારી ભગવાન શ્રી જગન્નાથજીની રથયાત્રા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે પોલીસ દ્વારા ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે અને તમામ વિસ્તારોમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

આજરોજ પંચમહાલ જિલ્લા ગોધરા રેન્જ નાયબ પોલીસ મહા નિરીક્ષક ચિરાગ કોરડીયા અને જિલ્લા પોલીસવડા હિમાંશુ સોલંકીની અધ્યક્ષતામાં પોલીસ દ્વારા ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. રણછોડજી મંદિર ખાતેથી નીકળીને રથયાત્રાના સંપૂર્ણ રૂટ પર પોલીસ દ્વારા ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નાયબ પોલીસ અધિક્ષક પી.આર. રાઠોડ અને એસબી કુંપાવત, એલસીબી પીઆઈ એન એલ દેસાઈ, SOG પીઆઈ આર એ પટેલ સહીત ગોધરા શહેર એ-ડિવિઝન પીઆઈ આર.એમ. સંગાડા અને શહેર બી-ડિવિઝન પીઆઇ આર.કે.રાજપૂત સહિત મોટી સંખ્યામાં LRD તાલીમાર્થીઓ જોડાયા હતા.

# ગોધરા ખાતે પંચમહાલ અને મહીસાગર જિલ્લાની “સાંસદ યોગ સ્પર્ધા” યોજાઈ



બ્યુરો ચીફ ગોધરાઃ મહેશ સુંદરાની, ગુજરાત પહેરેદાર

ગોધરાઃ સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત અને ગુજરાત રાજ્ય યોગ બોર્ડના સંયુકત ઉપક્રમે તથા જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી પંચમહાલ/મહીસાગરના સહયોગથી ગોધરા સ્થિત સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે પંચમહાલ સાંસદશ્રી રતનસિંહ રાઠોડની અધ્યક્ષતામાં “સાંસદ યોગ સ્પર્ધા” યોજાઈ હતી.

“એક પૃથ્વી એક સ્વાસ્થ્ય”ના નારા સાથે”વસુધૈવ કુટુમ્બકમ માટે યોગ”અને”હર ઘરના આંગણે યોગ”ની થીમ સાથે વિવિધ મહાનુભાવોની હાજરીમાં આ સ્પર્ધામાં અંદાજે ૩૫૦થી વધુ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહીને યોગા કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધાની ચાર ઈવેન્ટમાં અલગ અલગ કેટેગરીમાં વિજેતા લોકોને પ્રમાણપત્ર અને મેડલ એનાયત કરાયા હતા.

૨૧ જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસને ધ્યાનમાં લઈને યોજાયેલ સાંસદ યોગ સ્પર્ધામાં ગોધરા ધારાસભ્યશ્રી સી.કે.રાઉલજી, મોરવા હડફ ધારાસભ્યશ્રીમતી નિમિષાબેન સુથાર, જિલ્લા કલેકટરશ્રી આશિષ કુમાર, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી હિમાંશુ સોલંકી, જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી પ્રતાપ પસાયા, જિલ્લા અગ્રણીશ્રી અશ્વિનભાઈ પટેલ, યોગ કોચ અને ટ્રેનર સહિત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદમાં “માનવઅધિકાર એવમ મહિલા બાળ વિકાસ સંગઠન” દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



ન્યુઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

અમદાવાદઃ દેશમાં મહિલા સશક્તિકરણ અને માનવાધિકાર ના કાર્યો માટે જાણીતી સંસ્થા “માનવઅધિકાર એવમ મહિલા બાળ વિકાસ સંગઠન” ના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી નિલેશભાઈ જોશીનાં માર્ગદર્શક હેઠળ તારીખ ૧૧મી જૂન ૨૦૨૩ નાં રોજ અમદાવાદમાં નારણપુરા ખાતે સંસ્થાના ગુજરાત રાજ્ય પ્રવકતા ગાર્ગીબેન દવેનાં નેતૃત્વમાં તેમજ સહયોગી સંસ્થા ઈનફાઈનાઈટ સ્માઈલ ફાઉન્ડેશન, અમદાવાદ પોલિસ વિભાગ અને વ્હાઈટ ક્રોસ બ્લડ બેંકનાં સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પ યોજવામાં આવેલ હતો. જેમાં ACP ગુરપ્રીત સાહેબ, DCP લવીના સિંહા મેડમ, નારણપુરા PI વડુંકર સાહેબ અને વાડજ PI જોશી સાહેબ ઉપસ્થિત રહ્યાં હતાં. તે ઉપરાંત MMBVS ટીમ માંથી અમદાવાદ જીલ્લા પ્રમુખ ગુજંનભાઈ, અમદાવાદ શહેર પ્રમુખ નોએલભાઈ અને દીપાબેન, નારણપુરા વોર્ડ પ્રમુખ સુકાનભાઈ ભટ્ટ તેમજ સમગ્ર MMBVS ટીમ ઉપસ્થિત રહી હતી અને આખાં કાર્યક્રમને સફળ બનાવ્યો હતો સાથે 100 બોટલ બ્લડ એકત્ર કર્યું હતું.

# કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીની અધ્યક્ષતામાં દાહોદ જિલ્લા સંકલન અને ફરીયાદ સમિતિની બેઠક યોજાઈ



રિપોર્ટરઃ **અક્ષયકુમાર ડી. પરમાર**
ગુજરાત પહેરેદાર, દાહોદ

દાહોદ, જિલ્લા સેવા સદન, દાહોદ ખાતે જિલ્લા સંકલન અને ફરીયાદ સમિતિની બેઠક કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીની અધ્યક્ષતામાં યોજાઇ હતી. કલેક્ટરશ્રીએ તમામ વિભાગોને એક બીજાના સંકલનમાં રહીને પ્રજાકીય પ્રશ્નોનો સત્વરે નિકાલ લાવી જનસુવિધા અને વિકાસના કાર્યોને તીવ્રતાથી આગળ ધપાવવા જણાવ્યું હતું.

બેઠકમાં ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી, ધારાસભ્ય શ્રી મહેન્દ્ર ભાભોર ઉપસ્થિત રહ્યાં હતા. બેઠકમાં જનપ્રતિનિધિશ્રિઓના પ્રશ્નોનો કલેક્ટરશ્રીએ સકારાત્મક નિરાકરણ આપ્યું હતું અને સબંધિત અધિકારીશ્રીઓને જરૂરી સૂચનાઓ આપી હતી.

જ્યારે બેઠકના બીજા ભાગમાં લોકફરીયાદ તરીકે આવેલા અરજદારોના પ્રશ્નોનું નિરાકરણ કરાયું હતું. તેમજ સીએમ ડેસ્ક બોર્ડની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. કલેક્ટરશ્રીએ યોજનાઓને ઝડપથી લોકો સુધી પહોંચતી કરવા જણાવ્યું હતું.


# દિવ્યાંગ વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ માટે

૩૩ વર્ષથી કાર્યરત “સેવાતીર્થ” માં છેલ્લા ૨૪ વર્ષથી ચાલતી ગવ. માન્ય આઈ.ટી.આઈ. અને અન્ય સર્ટીફાઈડ અભ્યાસક્રમોમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ પ્રવેશ મેળવી કોર્ષ અભ્યાસક્રમ પૂરો કર્યા બાદ રોજગાર/સ્વરોજગાર મેળવવામાં સંસ્થા મદદરૂપ થાય છે. આ અભ્યાસક્રમો નીચે મુજબ છે

ગવ. માન્ય દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે આઈ.ટી.આઈ. કોર્ષ (૧ વર્ષ માટે):

૧) કોમ્પ્યુટર ઓપરેટર - ધો. ૧૦ પાસ, ૨) કટીંગ-ટેલરીંગ - ધો. ૮ પાસ, ૩) એમ્બ્રોઈડરી એન્ડ નીડલ વર્ક - ધો. ૮ પાસ,

ટુંકા/લાંબાગાળાના કોર્ષ:દિવ્યાંગ અને સામાન્ય બાળકો માટેઃ ૧) કોમ્પ્યુટર બેઝીક (Microsoft Office - Word, excel, PowerPoint), ૨) હેન્ડ એમ્બ્રોઈડરી, 3) સીવણ, ૪) રિટેલ એસોસિએટ્સ, ૫) બ્યુટીપાર્લર, ૬) હેન્ડીક્રાફટ-જ્વેલરી મેકિંગવગેરે

તાલીમાર્થીઓને રહેવા જમવાની ભાઈઓ-બહેનો માટે અલગ-અલગ છાત્રાલયમાં ઉત્તમ સગવડ સંસ્થાના કેમ્પસમાં જ ઉપલબ્ધ હોઈ બહારગામનાં દીવ્યાંગ કે સામાન્ય તાલીમાર્થીઓને એ લાભ પણ મળશે.

ઈચ્છુક ભાઈ-બહેનોએ અભ્યાસ, અપંગ હોય તો અપંગતાનુ પ્રમાણ પત્ર, આવક, જાતીના દાખલા, આધારકાર્ડ, પાનકાર્ડ, વેક્સિનેશન વિગેરેનાં સર્ટિફિકેટ તથા પાસપોર્ટ સાઈઝનાં ૪ ફોટા અને અપંગતાના આખા ફોટા સાથે તાત્કાલીક રૂબરૂ સંસ્થામાં સંપર્ક કરવા વિનંતિ છે.

એડમીશન વ્હેલા તે પહેલાના ધોરણે હાલ ચાલુ છે. આપને ત્યાં ઈચ્છુક ભાઈ-બહેનોએ અભ્યાસમાટે નીચે આપેલ સરનામાં પર તેઓને મોકલી શકો છો. સંપર્ક:- અલ્કેશભાઈ: ૯૬૬૨૦૪૦૭૮૧, પુરુષોત્તમ પંચાલ : ૯૮૨૫૪૦૭૬૫૪, ૯૯૦૯૯૦૪૬૫૪, સરનામું: “સેવાતીર્થ” ને.હા-૪૮ ધનયાવી બાયપાસપાસે, ધનયાવીરોડ, આદર્શ નગર સામે, તરસાલી, વડોદરા-૩૯૦૦૦૯


# ગુજરાતમાં દસ્તાવેજ નોંધણીને લઈ રાજ્ય સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય

**ગુજરાત પહેરેદારઃ ગાંધીનગર**

ગુજરાતના નાગરિકો માટે સૌથી મોટી ખુશખબર સામે આવી છે. રાજ્ય સરકાર દ્વારા દસ્તાવેજ નોંધણીને લઈ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે અને હવે સબ રજૂસ્ટ્રાર કચેરીઓમાં ટોકનની સંખ્યામાં વધારો કરવામાં આવશે. વધુ વેઈટિંગ વાળી સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં વધુ ટોકન આપવામાં આવશે. જેમાં અમદાવાદની 9, સુરતની 4, ગાંધીનગરની 2, બનાસકાંઠા-વડોદરાની 1-1 વધુ પ્રતિક્ષા વાળી સબ રજીસ્ટ્રાર કચેરીમાં ટોકનની સંખ્યામા વધારો કરવામાં આવશે.

# પાટનગર ગાંધીનગરની ગટર-ડ્રેનેજ નેટવર્કના સંચાલનની કામગીરી ગાંધીનગર મહા નગરપાલિકાને સોંપવાનો મુખ્યમંત્રીનો નિર્ણય

ગાંધીનગર: મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના પાટનગર ગાંધીનગર મહાનગરના ડ્રેનેજ નેટવર્કના સુવ્યવસ્થિત વ્યવસ્થાપનની જરૂરિયાત ધ્યાને લઈ એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

આ નિર્ણય અનુસાર, ગાંધીનગર શહેરની ડ્રેનેજલાઈન નેટવર્કના સંચાલન, મરામત અને નિભાવણીની કામગીરી માર્ગ-મકાન વિભાગને બદલે હવે ગાંધીનગર મહાનગરપાલિકાને



ન્યુઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

સોંપવામાં આવશે. તેથી હવે ગાંધીનગરમાં ગટર વ્યવસ્થાનું હેન્ડલિંગ મહાનગર પાલિકાને તબદીલ થતાં સિટી સેવરેજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વ્યવસ્થાપન વધુ અસરકારક બનાવીને સેનિટેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધારણા સાથે નાગરિકોને સારી સેવા પૂરી પાડી શકાશે.

ગાંધીનગરમાં મહાનગરપાલિકાની સ્થાપના વર્ષ-૨૦૧૦ માં થઈ તે પહેલાંથી હાલ સુધી આ સંપૂર્ણ કામગીરી રાજ્ય સરકારના માર્ગ મકાન અને પાટનગર યોજના વિભાગ દ્વારા કરવામાં આવે છે. ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં કુલ આશરે ૪૩૦ કિ.મી. લંબાઈની સેવરેજ નેટવર્ક પાઈપલાઈન છે.

# લોકસભા ચૂંટણીમાં આ વખતે PDA એનડીએને હરાવશે: અખિલેશ યાદવ

**ગુજરાત પહેરેદાર:**

આ ચૂંટણીમાં, પીડીએ - પિછડે, દલિત, લઘુમતી એનડીએને હરાવી દેશે. આગામી વર્ષની સામાન્ય ચૂંટણીઓ માટે સંયુક્ત વિપક્ષી મોરચાના તેમના પક્ષના વિઝન પરના મુદ્દા પરના પ્રશ્નોના જવાબ આપતા અખિલેશ યાદવે કહ્યું હતું કે, ઉત્તર પ્રદેશ માટે તેમનું એકમાત્ર સૂત્ર '80ના દાયકાને હરાવો, ભાજપને હટાવો' છે.' નેતા અખિલેશ યાદવે વધુમાં કહ્યું હતું કે, "જો મોટા રાષ્ટ્રીય પક્ષો અમની પાર્ટીને સમર્થન આપે છે, તો ભાજપ યુપી રાજ્યની તમામ 80 લોકસભા બેઠકો ગુમાવશે તે નિશ્ચિત છે."

# 'પીએમ મોદીએ 9 વર્ષમાં ભારતનું ભાગ્ય બદલી નાખ્યું', ત્રિપુરામાં જેપી નડ્ડાએ મોદી સરકારની સિદ્ધિઓ ગણાવી

ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાએ કેન્દ્રમાં કાર્યકાળના 9 વર્ષ પૂર્ણ કરવા પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરકારના વખાણ કર્યા છે. તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશએ અભૂતપૂર્વ વિકાસ જોયો છે. પીએમ મોદીએ છેલ્લા નવ વર્ષમાં 'ભારતનું નસીબ બદલી નાખ્યું છે'.

**મોદી સરકારને 9 વર્ષ પૂરા**

ભાજપ પ્રમુખે ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણ, સુશાસન અને સર્વાંગી વિકાસને મોદી સરકારના માપદંડો ગણાવ્યા. તમને જણાવી દઈએ કે, ત્રિપુરા સંતીરબજાર શાળા મેદાનમાં મોદી સરકારના નવ વર્ષ પૂર્ણ થવાના અવસર પર એક રેલીને સંબોધિત કરી રહ્યા હતા. અહીં તેમણે છેલ્લા નવ વર્ષમાં કરેલા કાર્યો પર પ્રકાશ નાખ્યો હતો.

**13,125 કિમી સરહદી રસ્તાઓ બનાવવામાં આવ્યા**



ન્યુઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણમાં કેન્દ્રની સિદ્ધિઓ પર પ્રકાશ પાડતા નડ્ડાએ કહ્યું કે આંતરરાષ્ટ્રીય સરહદની સુરક્ષા માટે 13,125 કિમી સરહદી રસ્તાઓ બનાવવામાં આવ્યા છે. 2014થી 2022 દરમિયાન ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા માટે રૂ.18 લાખ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે, જ્યારે યુપીએ શાસન દરમિયાન માત્ર 12 કિમીની સરખામણીમાં દરરોજ 29 કિમી રાષ્ટ્રીય ધોરીમાર્ગો બનાવવામાં આવ્યા હતા.

**'ભારતની જીડીપી વૃદ્ધિ સ્થિર રહી'**

દેશની રાજકોષીય સ્થિતિ અંગે નડ્ડાએ જણાવ્યું હતું કે વૈશ્વિક મંદી, યુક્રેનમાં યુદ્ધ અને કોવિડ જેવી પ્રતિકૂળ પરિસ્થિતિઓ છતાં ભારતની જીડીપી વૃદ્ધિ સ્થિર રહી છે. તેમણે કહ્યું કે, અમેરિકા, યુકે, ઓસ્ટ્રેલિયા અને ઈટાલી જેવા વિકસિત દેશોની સરખામણીએ ભારતનો ફુગાવો ઘણો ઓછો છે. મોંઘવારી પર પ્રશ્નો ઉઠાવવા માટે કોંગ્રેસ અને સીપીઆઈ(એમ)ને 'અભણ' ગણાવતા નડ્ડાએ કહ્યું કે, દેશનો ફુગાવો યુએસમાં 4.9 ટકા અને યુનાઈટેડ કિંગડમમાં 8.7 ટકાની સરખામણીમાં 4.2 ટકા છે.

# અમદાવાદના કાલુપુર શાકબાજી હોલસેલ માર્કેટમાં ભીષણ આગ, 26 દુકાનો ચપેટમાં

**નયનાબેન ચુડાસમા**
**ગુજરાત પહેરેદાર । અમદાવાદ**

અમદાવાદ: અમદાવાદના કાલુપુર વિસ્તારમાં શનિવારે મોડી રાતે વિકરાળ આગ લાગ્યની ઘટના બની હતી. મળતી માહિતી મુજબ, શનિવારે મોડી રાતે કાલુપુર શાક માર્કેટના હોલસેલની દુકાનમાં અચાનક આગ લાગી હતી. આ આગ જોતા જોતા એટલી વિકરાળ બની કે તેણે નજીકની અન્ય એક પછી એક આમ કુલ 26 દુકાનોને પોતાની ચપેટમાં લીધી હતી. આ દુકાનો આગમાં બળીને ખાખ થઈ ગઈ હતી. આગના બનાવથી વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

જો કે, સ્થાનિક લોકો દ્વારા ફાયર બ્રિગેડના જાણ કરાતા કુલ 10 જેટલી ગાડીઓ ત્વરિત ઘટના સ્થળે પહોંચી હતી અને પાણીનો મારો શરૂ કરી આગ બુઝાવવા કામગીરી હાથ ધરી હતી.

કલાકોની જહેમત બાદ ફાયરની ટીમે આગ પર કાબૂ મેળવ્યો હતો. જો કે, દુકાનો બંધ હોવાથી કોઈ જાનહાનિ થઈ નહોતી. પરંતુ, દુકાનની અંદરનો સામાન બળીને ખાખ થતા મોટું નુકસાન થયું હતું. જો કે, આગ કયા કારણોસર લાગી તે હાલ જાણી શકાયું નથી. પરંતુ, સ્થાનિક પોલીસની ટીમ પણ ઘટના સ્થળે આવી હતી અને તપાસ હાથ ધરી હતી.

# 'બહુ થઈ ગઈ 'મન કી બાત', હવે મણિપુર વિશે વાત કરવાનો સમય આવી ગયો છે', PM મોદી પર TMCનો ટોણો; કોંગ્રેસે કહ્યું- રાજધર્મનું પણ પાલન કરો

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે 'મન કી બાત' કાર્યક્રમની 102મી આવૃત્તિને સંબોધિત કરી હતી. કાર્યક્રમમાં પીએમએ ચક્રવાતી તોફાન બિપરજોયથી લઈને ઈન્દિરા સરકાર દ્વારા લાદવામાં આવેલી ઈમરજન્સી સુધીના ઘણા મુદ્દાઓનો ઉલ્લેખ કર્યો હતો. પીએમએ કહ્યું કે, કચ્છના લોકોએ જે હિંમતથી બિપરજોયનો સામનો કર્યો તે



ન્યુઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

પ્રશંસનીય છે. પીએમના 'મન કી બાત' કાર્યક્રમ બાદ વિપક્ષના ઘણા નેતાઓએ તેમના પર નિશાન સાધ્યું છે. મણિપુરમાં ચાલી રહેલી હિંસા પર કંઈ ન બોલવા બદલ નેતાઓએ પીએમ મોદીની ટીકા કરી છે.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પીએમ મોદી પર કટાક્ષ કરતા કહ્યું કે, 'મન કી બાત'માં 'મણિપુર કી બાત' પહેલા સામેલ થવી જોઈતી હતી. તેમણે કહ્યું કે, પીએમએ પણ તેમના રાજધર્મનું યોગ્ય રીતે પાલન કરવું જોઈએ.

જયરામ રમેશનો હુમલો

મન કી બાત પર કોંગ્રેસના નેતા જયરામ રમેશે કહ્યું કે, વડાપ્રધાને "આપત્તિ વ્યવસ્થાપનમાં ભારતની મહાન ક્ષમતાઓ" માટે પોતાની પીઠ થપથપાવી હતી, પરંતુ મણિપુરનો સામનો કરી રહેલી "માનવસર્જિત" માનવતાવાદી આપત્તિ પર તેઓ મૌન રહ્યા હતા. જયરામે કહ્યું - 'અન્ય એક મન કી વાત પરંતુ મણિપુર પર મૌન. પીએમ આપત્તિ વ્યવસ્થાપનમાં ભારતની મહાન ક્ષમતાઓ માટે પીઠ થપથપાવે છે, પરંતુ શું તેઓ મણિપુર પર બોલશે. મણિપુર સળગી રહ્યું છે, પરંતુ પીએમ દ્વારા શાંતિની કોઈ અપીલ કરવામાં આવી નથી.'


## जय जगन्नाथ ... जय रणछोड़

अषाढ़ी बिज के मंगल पर्व पर प्रभुश्री जगन्नाथजी की १४६वी रथयात्रा के शुभअवसर पर हिंदवी स्वराज भारत के सभी धर्मप्रेमियो को अनंत शुभकामनाएं.. आप सभी को सुख-समृद्धि, शांति के साथ राष्ट्र और सामाजिक कार्यों में भारत भाग्य विधाता बनने की शक्ति मिले यही ईश्वर प्रार्थना!!



**प्रकाश यादव (पाटिल)**

गुजरात प्रदेश संगठन मंत्रीः आरएसएस गंगा समग्र,

राष्ट्रीय उपाध्यक्षः भारतीय मराठा महासंघ, मैनेजिंग डायरेक्टरः

**गुजरात पहेरेदार न्यूज और 'बचत मंत्रा'**






















































**ગુજરાત પહેરેદાર સાપ્તાહિક ન્યૂઝ પેપર**

કોર્પોરેટ ઓફિસ: 160- વિંગ્સ કોમ્પલેક્ષ, કટારીયા શો રૂમ સામે, મકરપુરા રોડ, વડોદરા, ગુજરાત - 390010

બ્રાંચ ઓફિસ: ટી એફ-36, દર્શનમ ટ્રેડ સેન્ટર-1, સૂર્યા પેલેસથી દર્શનમ્ ટાઉનશિપ રોડ, સયાજીગંજ, વડોદરા - 390020

પ્રજાનો આત્મવિશ્વાસ ગુજરાત પહેરેદાર NEWS

તમારી આસપાસ બનતી ઘટનાઓ, અપરાધ, ભ્રષ્ટાચાર, દુષ્કર્મ અને અન્યાયની અમને જાણ કરો તેમજ સમાચાર, ઈવેન્ટ અને જાહેરાત માટે સંપર્ક કરો.
(*માહિતી આપનારનું નામ ગુપ્ત રાખવામાં આવશે)

તંત્રી: દક્ષા પ્રકાશ યાદવ (મો.) 9925368282 | સહ તંત્રી: પ્રકાશભાઈ યાદવ (મો.) 9824368282

Website: www.gujaratpaheredar.com | Email: gujaratpaheredar@gmail.com

Owner / Publisher & Printer : DAXA PRAKASH YADAV, 67-SUNDRANI BHAVAN, SHANTI PRAKASH, HOUSING SOCIETY, VAVDI BHUJARG, GODHRA, PANCHAMAHAL, GUJARAT-389001, INDIA
Printed at : Krishna Graphics & Printers, Basement, Neelam Apartment-2, Matruchhya Colony, Subhanpura, Vadodara - 390 023. Gujarat - India.
GUJARAT PAHEREDAR Editor : DAXA PRAKASH YADAV, M. : 9925368282 Email: gujaratpaheredar@gmail.com